# HOLLYWOOD News

## મધર્સ ડેએ વાન હંટે હેલે બેરીને રમતિયાળ રીતે શુભેચ્છા પાઠવી



મધર્સ ડે બધા માટે જુદો હોય છે. વાન હંટ મ્યુઝિશિયન તરીકે જબરદસ્ત લોકપ્રિય છે અને તેણે હેલે બેરીના બોયફ્રેન્ડ તરીકે સોશ્યલ મિડીયા પર એક સલામ આપી હતી. સોશ્યલ મિડીયાના પિકચરમાં એવોર્ડ વિજેતા એકટ્રેસ બેડરૂમની બાલ્કનીમાં ઉભી છે.

હેલે 16 વર્ષના નાહલા એરિયાલાની મા છેઅ અને તે ગ્રેબિયલ ઓબ્રો સાથેના સંબંધથી જન્મ્યો છે. તેને 10 વર્ષનો મોસેઓ રોબર્ટ પણ છે જે ભૂતપૂર્વ પતિ ઓલિવર માર્ટિનેઝથી જન્મ્યો છે. તેણે તસ્વીરમાં ડ્રેક નામના દિકરાનો ય ફોટો મુકયો છે કે જે વાન હેટથી જન્મ્યો છે.

હેલે બેરીની બ્યુટી બહુ નૈસર્ગિક છે પણ સાથે જ તે ખૂબ સારી અભિનેત્રી છે. આ અમેરિકાની અભિનેત્રીએ તેની મધર સાથેનો ફોટો મુકી વિશ્વની બધી ગ્લોરિયસ મધર્સને શુભેચ્છા પાઠવી છે.

## જબરદસ્ત જોરમાં છે 'કિંગ્ડમ ઓફ ધ પ્લેનેટ ઓફ ધ એપ્સ'

હોલીવુડની ફિલ્મો કમાણી કરે તો કરોડો અબજોમાં કરે અને અત્યારે 'કિંગ્ડમ ઓફ ધ પ્લેનેટ ઓફ ધ એપ્સ' ફિલ્મે આરંભે જ 129 મિલીયન ડોલરની કમાણી કરી લીધી છે. હોલીવુડે આ ફિલ્મ



પાસે કમાણીના જે આંકડાની ધારણા રાખેલી તેનાથી મોટો આંકડો છે. અમેરિકામાં તેણે 56.5 મિલીયન ડોલરની કમાણી કરી અને આંતરરાષ્ટ્રીય સ્તરે ફિલ્મ રજૂ થતાં જ તેના ગ્લોબલ ટોટલનો આંકડો 129 મિલીયન ડોલરને સ્પર્શી ગયો છે.

આ ફિલ્મમાં રાયન ગોસ્લીંગ, એમિલી બન્ટ છે અને તે ઉપરાંત ઓવેન ટીગ્યુ ફ્રેયા એલન, કેલ્વિન ડયુરો છે. આ ફિલ્મ ચીનમાં જબરદસ્ત સફળ રહી છે.

## 'ટાઇટેનિક' અને 'લોર્ડ ઓફ ધ રિંગ્સ'ના અભિનેતા બર્નાડ હીલનું અવસાન

'ટાઈટેનિક' ફિલ્મમાં કેપ્ટન એડવર્ડ સ્મિથની અને 'લોર્ડ ઓફ ધ રિંગ્સ' ગિઓલોજીમાં કિંગ થેઓડેનની ભૂમિકા ભજવનાર



બ્રિટિશ અભિનેતા બર્નાડ હીલનું અવસાન થયું છે. તેની ઓળખ એક માર્વેલસ અભિનેતાની હતી. 1944માં જન્મેલો આ અભિનેતાએ કેટલાક અવિસ્મરણીય પાત્રો વડે મહાન અભિનેતાની ઓળખ ઉભી કરી હતી. પાંચ મે 2024ના રોજ તેણે આંખ મીંચી છે. તેની અનેક ફિલ્મોમાંથી થોડીનાં નામ છે 'ટ્રાયલ બાય કોમ્બેટ', 1982ની 'ગાંધી', 'રનર્સ', 'નો સરંડર', 'માઉન્ટન્સ ઓફ ધ મુન' અને 'ટાઈટેનિક' પછી 'ક્રિમીનલ', 'ટ્રુ ક્રાઈમ', 'ધ સ્કોપરિયન કિંગ'. છેલ્લે તે 'ફોરેવર યંગ'માં ઓસ્કાર સ્મિથની ભૂમિકામાં દેખાયા હતા.

# ક્રિતિકા કામરાનાં ડેટિંગ પાર્ટનર બદલાતાં રહે છે

વેબસ્ટાર



ફિલ્મોમાં અમુક સ્ટાર્સ તરીકે નામ-દામ-કામ પામે છે તેવું ટી.વી. સ્ક્રિન પર પણ છે. અમુકનો દબદબો એટલો હોય કે તેના નામે સિરીયલ યા સિરીઝ તરફ પ્રેક્ષકો આવે. ક્રિતિકા કામરા બસ એવી છે. હવે તેને ટી.વી. સિરીયલોમાં કામ કરવાની ફુરસદ નથી કારણ કે વધારે લોકપ્રિય થતી સિરીયલો વધારે વર્ષો માટે રોકી લે છે. વેબ સિરીઝમાં કમ્ફર્ટ હોય છે એક સિઝન ખૂબ ચાલે તો પછી સમય પ્રમાણે બીજી સિઝન શરૂ થાય. જો કે ક્રિતિકાએ સાત જેટલી વેબસિરીઝમાં કામ કર્યું છે પણ દરેક જૂદી હતી. હવે તે 'ઝીફાઈવ' પર 'ગ્યારહ ગ્યારહ'માં આવશે.

'કિતની મહોબ્બત હે'ની આરોહી શર્મા તરીકે ખૂબ જાણીતી થયા પછી 'કુછ તો લોગ કહેંગે'ની ડો. નિધી વર્મા, 'રિપોર્ટસ'ની અનન્યા કશ્યપ અને 'પ્રેમ યા પહેલી-ચન્દ્રકાંતા'ની રાજકુમારી ચન્દ્રકાન્તા ક્રિતીકા કામરા 'મિત્રો' નામની ફિલ્મમાં પણ આવી ચુકી છે પણ તે સમજી ચુકી છે કે તે ફિલ્મો માટે નથી 'તાંડવ' અને 'કૌન બનેગી શેકરવતી' અને 'બંબઈ મેરી જાન'થી તેણે તેની સ્મોલ સ્ક્રિન એકટ્રેસ તરીકેની શાન એવી આગળ વધારી કે ફિલ્મોની જરૂર પણ નથી વર્તાતી.

મૂળ ઉત્તરપ્રદેશના બરેલીથી આવેલી ક્રિતીકા મધ્યપ્રદેશના અશોકનગરમાં મોટી થઈ છે. તે ફેશન ટેકનોલોજીમાં સ્ટડી કરી રહી હતી ત્યારે 'યહાં કે હમ સિકંદર'મા ભૂમિકા મળી અને પછી અભિનય તરીકે કારકિર્દી શરૂ થઈ તે થઈ. તેણે આજ સુધી રોમેન્ટિક ડ્રામા ધરાવતી સિરીયલોમાં જ વધારે કામ કર્યું છે અને તે કહે છે કે ટી.વી. સિરીયલના પ્રેક્ષકો અમારી પાસે જે અપેક્ષા રાખે છે તે પ્રમાણે અમને ભૂમિકા મળે છે પણ હવે વેબસિરીઝમાં નવા વિષયો અને પાત્રો મળતા થયા છે. અમે તો અભિનયમાં છે એટલે જે કામ મળે તેમાંથી જ પસંદ કરવાનું હોય છે.

'ગ્યારહ ગ્યારહ' એક ક્રાઈમ થ્રીલર છે અને તે OTT પર જોવા મળશે. આ સિરીઝ માટે હું ખૂબ જ ઉત્તેજીત છું. 'બંબઈ મેરી જાન'માં હું ગેંગસ્ટર હતી અને 'ગ્યારહ ગ્યારહ'માં પોલીસ અધિકારી છું. ક્રિતિકા ઉમેરે છે કે મેં જે કામ કર્યા તેનો આનંદ છે પણ ભૂતકાળ તો હવે સ્મૃતિ છે અને ભવિષ્ય સ્વપ્ન છે. હું વર્તમાનની વાત કરું છું 'ગ્યારહ ગ્યારહ' ઉમેશ બિશ્ટના દિગ્દર્શનમાં બની છે અને પ્રેક્ષકોને બાંધી દે તેવી છે.

ક્રિતિકા કામરા મુંબઈમાં એક બ્યુટીફુલ નાનકડાં એપાર્ટમેન્ટમાં રહે છે અને તે ખૂબ સજાવેલો છે. ક્રિતિકાને બધું ઊંચુ જ જોઈએ એટલે તેના ઘરમાં પ્રવેશો તો તેનો ટેસ્ટ દેખાય આવે. તેના ઘરમાં જો કે તે પોતાના પોસ્ટર કે પિકચર્સ રાખતી નથી. તે કહે છે કે એ બધુ મને ગમતું નથી. તે ઉમંરે છે કે આ મારું ફેમિલી હોમ નથી કારણ કે મારા માતા-પિતા મારી સાથે રહેતા નથી. ક્રિતિકા હજુ ભાડાથી જ રહે છે પણ ભવ્યતાથી રહે છે.

ક્રિતિકાને કરન કુન્દ્રા સાથે ધનિષ્ઠ સંબંધ હતા પણ હવે તેઓ અલગ થઈ ગયા છે અને કહે છે કે છૂટા પડયાના કોઈ નિશ્ચિત કારણો નથી. અમે લડયા પણ નથી બસ જૂદા પડી ગયા છે. જો કે ક્રિતિકા આદિત્ય છાબરાને પરણી હતી પણ તે લગ્ન ટકયા નહીં. આમ તો તે કરન પછી ઉદયસિંહ ગૌરી સાથે ય ડેટ કરતી હતી પણ બ્રેકઅપ થયેલો. સિધ્ધાર્થ બિજપુરીયા પણ તેની યાદીમાં આવીને જતો રહ્યો છે. ક્રિતિકા છે ભાઈ!

> "ક્રિતિકાને કરન કુન્દ્રા સાથે ઘનિષ્ઠ સંબંધ હતા પણ હવે તેઓ અલગ થઈ ગયા છે અને કહે છે કે છૂટા પડયાના કોઇ નિશ્ચિત કારણો નથી"

# વિજય રાઝ પાસે ઘણા રાઝ છૂપાયેલા છે

સ્મોલ સ્ક્રિન બીગ સ્ટાર



'મર્ડર ઈન માહિમ' જેરી પિન્ટો નામના લેખકના પુસ્તક આધારિત આઠ ભાગની વેબ સિરીઝ છે. આશુતોષ રાણા અને વિજય રાઝ તેમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. આખી સિરીઝ સસ્પેન્સ અને થ્રીલરથી ભરપૂર છે. જિયો સિનેમા પર જોવા મળતી આ સિરીઝમાં આશુતોષ રાણા પત્રકાર છે તો વિજય રાઝ પોલીસ અધિકારીની ભૂમિકામાં છે. વેબ સિરીઝમાં હિંસા, થ્રીલર, સેકસ વગેરે ખૂબ ચાલે છે. સિરીઝમાં પોલીસ અધિકારી અને નિવૃત્ત થયેલો પત્રકાર એક હત્યાની તપાસમાં લાગે છે અને તેમાંથી ઈચ્છા, લાલચ, હતાશાનાં રહસ્યો ખૂલતાં જાય છે.

આશુતોષ રાણા તો દમદાર અભિનેતા તરીકે જાણીતો છે જ, પણ વિજય રાઝ પણ કાંઈ કમ નથી. દિલ્હીના વિજયે 1999ની 'ભોપાલ એકસપ્રેસ'થી એન્ટ્રી મારી હતી અને હવે 90થી વધુ ફિલ્મોમાં કામ કરી ચૂકયો છે. 'મોનસૂન વેડિંગ'ની તેની દુબેજી તરીકેની ભૂમિકા ખૂબ જાણીતી થઈ હતી પણ 'રન' અને 'ધમાલ'ની તેની કોમેડી પણ બહુ ખાસ હતી. આમીર ખાનની 'દિલ્હી બેલી'માં જો કે તે ગેંગસ્ટર હતો અને 'દેઢ ઈશ્કિયાં'માં પણ એવા જ પાત્રથી છવાયો હતો. વિજય રાઝ સારા દિગ્દર્શકોની ફિલ્મોમાં જાનદાર પાત્રો માટે પસંદ પામે છે ચાહે તે 'સ્ત્રી' હોય 'ગલીબોય' હોય કે 'ગંગુબાઈ કાઠિયાવાડી,' જેમાં તે કમાઠીપુરામાં રઝિયાબાઈ તરીકે પુરુષ સેકસ વર્કર તરીકે ધંધો કરે છે.

વિજય રાઝ વેબ સિરીઝમાં બહુ ઓછું કામ કરે છે. 'મામલા લિગલ હે'માં તો તે પાત્ર નરેટર તરીકે જ હતો અને પછી 'શો ટાઈમ'માં આવ્યો છે. પણ હા, 'મેડ ઈન હેવન'માં તે રમેશ ઝોહરી તરીકે સારી ભૂમિકામાં હતો. બાકી તેનો અવાજ એટલો ખાસ છે કે તેને નરેટર તરીકે પણ કામ મળતું રહે છે. 'ક્રાઈમ ફેકટરી'માં તે નેરેટર જ હતો. અત્યારે તે ઘણી બધી ફિલ્મો વચ્ચે 'મર્ડર ઈન માહિમ'માં શિવાજીરાવ ઝેંડે તરીકે આવ્યો છે. તે તેના આ પાત્ર વિશે કહે છે કે સિરીઝની પટકથામાં મારું પાત્ર છે તે મારે પડદા પર દેખાડવાનું હોય ત્યારે મારે જ તેમાં કામ કરવાનું હોય અને દરેક પાત્રમાં કેવાં કેવાં રૂપ રંગ રહેલાં છે તે શોધવા જ અભિનય છે. માહિમ સ્ટેશને થયેલી એક ભયાનક હત્યાના કેસનો મામલો છે અને તેમાં ઊતરતાં અનેક રહસ્યો ખૂલે છે. તે આશુતોષ રાણા સાથે અભિનયની જુગલબંદી થયાનો આનંદ માણી રહ્યો છે. સિરીઝમાં આશુતોષ રાણાનો પુત્ર જ હત્યારો હોવાની આશંકા થાય છે ત્યારે એક નવો ડ્રામા ઊભો થાય છે. વિજય રાઝ કહે છે કે આ સિરીઝના દરેક પાત્રમાં ઊંડાણ છે અને સંકુલતા છે એટલે પ્રેક્ષકો સતત જકડાયેલાં રહેશે.

# નકુલ મહેતા હવે તમન્ના ભાટિયાનો 'ડેરીંગ પાટનર્સ' બનશે



કરણ જોહર જે મિડીયામાં કામ કરે તે મિડીયાનું નામ કરે. સંજય લીલા ભણસાલી, પ્રકાશ ઝા, વિશાલ ભારદ્વાજ, ફરહાન અખ્તર વગેરેની જેમ તે પણ વેબસિરીઝ બનાવવામાં માને છે અને અત્યારે તે 'ડેરીંગ પાર્ટનર્સ' વેબસિરીઝ બનાવી રહ્યો છે જેમાં 'બડે અચ્છે લગતે હૈ' થી ખૂબ જાણીતો નકુલ મહેતા મુખ્ય ભૂમિકા કરવાનો છે. કરન અત્યારે 'ગ્યારહ ગ્યારહ' નામની ટી.વી. સિરીઝ પણ બનાવી રહ્યો છે જેમાં વિવેક ઝમન, ક્રિતીકા કામરા, રાઘવ જુયાલ છે. તેની 'કોલમી બે' તો છે જ.

'ડેરીંગ પાર્ટનર્સ'માં બે બેસ્ટ મિત્રોની સાહસિક યાત્રાની વાત છે જે નક્કી થયેલા નિયમોને તોડે છે. તેની આ સિરીઝમાં તમન્ના ભાટિયા, ડાયના પેન્ટી, જાવેદ જાફરી છે. અચિતકુમાર અને નિશાંત નાઈક આ સિરીઝનું દિગ્દર્શન કરી રહ્યા છે.

કેમેરા ઑન

નકુલ મહેતાને નામ-અટક પરથી ક્યાંનો કહેવો તેની કોઈને મુંઝવણ થઈ શકે પણ તે રાજસ્થાનના એવા કુટુંબમાંથી આવે છે જેમાં તેના પિતા 1971નું ભારત-પાકિસ્તાન યુધ્ધ લડેલા અને તેના પિતાના દાદા મેવાડ રાજ્યના સરસેનાપતિ હતા. નકુલ અભિનય તરફ વળી ગયો પણ તે ટ્રેઈન્ડ બોલરૂમ ડાન્સર છે. તે અત્યારે ટી.વી. સિરીયલ, વેબસિરીઝને કારણે ભલે વધુ જાણીતો હોય પણ શરૂઆત તો તેણે 2005ની તેલુગુ ફિલ્મ 'અભિમાની' થી કરી હતી. 2008માં તે 'હાલ-એ-દિલ' નામની હિન્દી ફિલ્મમાં આવ્યો અને ત્યારે તેના અભિનય, આત્મવિશ્વાસની પ્રશંસા થયેલી. પણ ફિલ્મોમાં સંઘર્ષ લાંબો ચાલશે એવું લાગતાં તે 'પ્યાર કા દર્દ હે મીઠા મીઠા પ્યારા પ્યારા'માં આદિત્ય કુમાર તરીકે આવ્યો. આ સિરીયલ ખૂબ સફળ રહી અને એવું જ 'ઈશ્કબાજ'માં પણ થયું. તે તો 2016થી 2019 સુધી ચાલી અને શિવાંય સીંઘ ઓબેરોય તરીકે જાણે ઝંડા લહેરાવી દીધા. એવી જ સફળતા તેને 'બડે અચ્છે લગતે હૈ' ની બે સિઝનમાં મળી અને લોકો માટે રામ કપૂર બની ગયો. ટી.વી. સિરીયલમાં જે વધારે લોકપ્રિય બને તેને વેબસિરીઝનું પ્રમોશન મળતું હોય છે. નકુલ મહેતાએ 'આઈ ડોન્ટ વોચ ટીવી' નામની વેબસિરીઝ નિર્માતા તરીકે બનાવી અને પછી 'નેવર કીસ યોર બેસ્ટ ફ્રેન્ડ'ની બે સિઝનનો સુમેર સીંઘ ઢીલ્લોન તરીકે આવ્યો.

2012માં જાનકી પારેખને પરણી સાસરા પક્ષે ગુજરાતી થયેલો નકુલ ટી.વી.ના પડદે બહુ ચાર્મીંગ અભિનેતા તરીકે જાણીતો છે તે તેની ફેશન સ્ટાઈલને કારણે પણ ઘણો જાણીતો છે. પણ તે કહે છે કે હું મને બિગેસ્ટ ટી.વી. સ્ટાર તરીકે મર્યાદિત કરવા માંગતો નથી. એક સમયે એવું હતું કે મને જે કામ મળે તે કરવા તૈયાર રહેતો પણ હવે પસંદગી આવી ગઈ છે. મારે કશુંક જૂદું કરવું છે. કરન જોહરની વેબસિરીઝમાં કામ કરવાનો આનંદ જરા જૂદો છે. કારણકે તે સિનેમાને અને વેબસિરીઝને સાથે વિચારે છે. તેની સિરીઝમાં મોટા સ્ટાર હોય છે. આ કારણે જ તમન્ના ભાટિયા સાથે 'ડેરીંગ પાર્ટનર્સ'માં રોમાન્સ કરી રહ્યો છું.

